ક્રમાંક : રોતાનિ/એફી/જીસીવીટી/૨૦૧૯/૮૨૯
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખ : ૦૯/૦૪/૨૦૧૯

વંચાણે લીધો : અત્રેની કચેરીનો તા.૩૦/૦૧/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : રોતાનિ/એફી/જીસીવીટી/૨૦૧૯/૧૦૬.

પરિપત્ર :

રાજ્યમાં કારીગર તાલીમ યોજના હેઠળ સરકારી / પ્રાઇવેટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ પ્રકારના એનસીવીટી પેટર્નના વ્યવસાયોમાં નિયત અભ્યાસક્રમો મુજબ તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ & એન્ટરપ્રિન્યોરશીપ (MoSDE) વિભાગના ડાયક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનીંગ (DGT) દ્વારા ચાલતા નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (NCVT) માન્ય અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા ઇચ્છુક અરજદારો જેવા કે સોસાયટી / ટ્રસ્ટ / પબ્લીક લિમિટેડ કંપની / સરકાર વગેરે દ્વારા કાઉન્સિલની જે તે પ્રકારના અભ્યાસક્રમો માટે એફીલીએશન મેળવવું અનિવાર્ય છે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ & એન્ટરપ્રિન્યોરશીપ (MoSDE) વિભાગના ડાયક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનીંગ (DGT) દ્વારા સરકારી/પ્રાઇવેટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં એફીલીએશન પ્રક્રીયા માટે "Affiliation Norms for ITI-2018" પ્રકાશિત કરેલ છે. જે અંતર્ગત એનસીવીટીનું એફીલીએશન મેળવવા ઇચ્છુક અરજદારોએ ડીજીટી, ન્યુ દિલ્હીની વેબસાઇટ https://ncvtmis.gov.in પર ઓન લાઈન અરજી કરવાની રહે છે. પરંતુ, નવી માર્ગદર્શિકા અનુસાર ઓનલાઇન પોર્ટલ પર અગાઉથી એફીલીએશન મેળવેલ સંસ્થા દ્વારા તે જ સંસ્થામાં વધારાના એફીલીએશન મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે ત્યારે માર્ગદર્શિકા અનુસાર ઓનલાઇન પોર્ટલ પર કાર્યવાહી હાથ ધરી શકાતી નથી. જે અંગે રાજ્યની ઘણી સંસ્થાઓ દ્વારા રજુઆત કરવામાં આવે છે. જે અંતર્ગત ડીજીટી, ન્યુ દિલ્હીની સુચનાનુસાર અગાઉથી એનસીવીટી એફીલીએશન મેળવેલ સંસ્થાઓ કે જેનું ગ્રેડીંગ ૨ કે તેથી વધુ છે તેવી સંસ્થાઓને એનસીવીટીના નવા ટ્રેડ અથવા એનસીવીટી એફીલીએટેડ વ્યવસાયમાં બેચ ઉમેરવા અથવા સંસ્થાનું સ્થળ ફેર કરવા ઇચ્છા ધરાવે છે તેઓને એનસીવીટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમોનું નવા ટ્રેડ અથવા ચાલુ ટ્રેડમાં બેચ ઉમેરવા માટેનું એફીલીએશન મેળવવા અથવા સંસ્થાનું સ્થળ ફેર કરવા માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

## અગાઉથી એનસીવીટી એફીલીએશન મેળવેલ સંસ્થા ખાતે એનસીવીટી માન્ય નવા અભ્યાસક્રમો અથવા એનસીવીટી એફીલીએટેડ અભ્યાસક્રમોમાં નવો ટ્રેડ / નવી બેચ ઉમેરવા માટે અથવા સંસ્થાનું સ્થળ ફેર કરવા માટે એફીલીએશન મેળવવા માટેની નવી કાર્ય પધ્ધતિ :

1. સરકારી / જીઆઇએ / સ્વનિર્ભર તમામ સંસ્થાઓને NCVTMIS પોર્ટલ પર પોતાના ચાલુ User ID માં લોગ ઇન થઇ ITI મેનુમાં "Request for Affiliation" માં "Add New Affiliation" માં જઇ ફોર્મ

ડાઉનલોડ કરી વિગતો ભરી અપલોડ કરવાનું રહેશે. ફોર્મ / Request અપાઇ ગયા બાદ ફોર્મની પ્રિન્ટ સાથે અરજી ફી રૂ.૧૦૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (Member Secretary, Gujarat Council of Vocational Training, Gandhinagar) જમા કરાવવાનો રહેશે.

2. સંસ્થાએ Pre Inspection Report (PIR) / Direct Inspection Report (DIR) ફાઇલ નિયત નમુનામાં તૈયાર કરવાની રહેશે.
3. ડીજીટી, ન્યુ દિલ્હી દ્વારા સંયુક્ત નિરીક્ષણ માટે આદેશ કરવામાં આવશે.
4. સંયુક્ત નિરીક્ષણ આદેશ અનુસાર અત્રેની શાખા દ્વારા જે તે સંસ્થાને સાઇટ એસેસમેન્ટ ફી રૂ.૪૦૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (Member Secretary, Gujarat Council of Vocational Training, Gandhinagar) જમા કરાવવા જણાવવામાં આવશે.
5. જે તે સંસ્થા દ્વારા સાઇટ એસેસમેન્ટ ફી ભર્યા બાદ જ સંયુક્ત નિરીક્ષણ કરવામાં આવશે તથા નિરીક્ષણ અંગેનો અહેવાલ ડીજીટી, ન્યુ દિલ્હીને એફીલીએશનની અનુગામી કાર્યવાહી હાથ ધરવા માટે મોકલવામાં આવશે.

ઉક્ત કાર્યવાહી માટે અગાઉથી એફીલીએશન મેળવેલ સંસ્થાઓને નવા ટ્રેડ અથવા એફીલીએટેડ વ્યવસાયમાં બેચ ઉમેરવા અથવા સ્થળ ફેર કરવા ઇચ્છુક અરજદારોને સદર જણાવેલ તમામ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ ડીજીટી દ્વારા જે સત્રથી મંજુરી આપવામાં આવે તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે તથા એફીલીએશન મેળવ્યા બાદ જ તાલીમાર્થીઓને પ્રવેશ આપવા માટે મંજુરી આપવામાં આવશે.

(સુપ્રીત સિંઘ ગુલાટી)
નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

પ્રતિ,
નાયબ નિયામક (તાલીમ),
પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

<u>નકલ રવાના ઇ-મેઇલ મારફત</u> :-

૧) તમામ નોડલ સંસ્થાઓને જાણ તેમજ તાબાની તમામ સંસ્થાઓને પરિપત્રની જાણ કરવા સારૂ.
૨) તાલીમ પાંખની તમામ શાખાઓ તરફ જાણ સારૂ.
૩) જીસીવીટી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪) સંચાલકશ્રી, તમામ સ્વનિર્ભર સંસ્થાઓ તરફ.
૫) સંચાલકશ્રી, તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ તરફ.
૬) આઇ.ટી.સેલ તરફ અત્રેની વેબ સાઇટ પર સદર પરિપત્ર અપલોડ કરવા સારૂ.

<u>નકલ સવિનય રવાના</u> :-

૧) પી.એ. ટુ નિયામકશ્રી તરફ.
૨) નાયબ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ તરફ જાણ સારૂ.